






ચૂંટાઇ ને સત્તા, ખાયકી પર નજર છે,
મિશન નહીં કમિશન પર નજર છે,
નજર છે લૂખી, તિજોરીને લૂંટી લેવાની -
દેશની સેવા નહીં, મેવા પર નજર છે




ચાલે પ્રચાર,
જૂઠ, અન્યાય પર
બૂમ - બરાડે..

જૂથ ના ચેપે
ટિકીટો ની ચિંતામાં -
પિડાય પંજો

## ચિંતન

**મણિઃ શાણોલ્લીઢઃ સમરવિજયી હેતિનિ હિતો મદ ક્ષીણો નાગઃ શરદિ સરિતઃ શ્યાન પુલિનાઃ ।**
**કલા શેષશ્ચંદ્રઃ સુરત મૃદિતા બાલ વનિતા તનિમ્ના શોભન્તે ગલિત વિભવાશ્ચાર્થિષુ નૃપાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગાર બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

- સરાણ પર ચઢાવી પાસા પાડીને ઘસાયેલો મણિ, શસ્ત્રોથી ઘાયલ થયેલો પણ યુધ્ધ વિજયી વીર સૈનિક, મદ ઝરવાથી જ ક્ષીણ થઇ ગયેલો હાથી, શરત ઋતુમાં, શિયાળામાં જે નદીમાં પાણી બંને કાંઠેથી થોડાં ઊતરી ગયાં છે અને નિર્મળ જળથી ક્ષીણ થયેલી નદી, હવે જેની માત્ર એક જ કલા બાકી રહી છે, એવો વદ ચૌદસનો ક્ષીણ થયેલો ચંદ્ર, કામક્રીડા પછી મર્દન કરાયેલી અસ્તવ્યસ્ત યુવા-સ્ત્રી, અને યાચકજનોને દાન આપી ક્ષીણ થયેલા ધન-વૈભવવાળો રાજા - આ બધા ક્ષીણ-ઘાયલ-અસ્તવ્યસ્ત થયેલાં છે છતાં પણ શોભાયમાન છે.

યુધ્ધ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કર્યો હોય એવો વીર સૈનિક ઘાયલ હોય પાટાપીંડી કર્યાં હોય, પગે ઘોડીથી ચાલતો હોય છતાં શોભે છે.

માણસનું પતન-પડવું-બરબાદ થવા પાછળનું કારણ ઉદાત્ત હોય, ચારિત્ર્યને ઊંચે લઇ જનારૂં હોય તો એ પડવું પણ શ્રેષ્ઠ છે. અહીં ક્ષીણ થયેલ સૈનિક, નદી, ચંદ્ર, હાથી, સ્ત્રી - અને દાનવીર રાજાના દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવી છે.

## સુવિચાર

- બીજો માણસ શું કહે છે, કે શું માને છે તે તમારે જોવાનું નથી, તમને ઠીક લાગે તે કરવાની સ્વતંત્રતાનો તમને હક્ક છે, તેવો દાવો કરો છો, તો તમારે તે જ સ્વતંત્રતા અન્યને પણ આપવી જોઇએ **- મહાત્મા કૂટહૂમી**
- મહાત્માપણાનો દાવો મેં કદી કર્યો નથી, તમારા સહુના જેવો જ હું પણ એક સામાન્ય માણસ જ છું. ઊલ્ટું, વધારામાં તમારા કરતાં ઘણો નબળો છું, મારી તરફેણમાં ગણાવી શકાય એવો, મારી અને તમારી વચ્ચે એક જ ફરક છે : સંભવ છે કે ઇશ્વર વિશેની મારી શ્રધ્ધા તમારી શ્રધ્ધા કરતાં વધારે દૃઢ હોય! **- ગાંધીજી**
- મૃત્યુ કોઇને સમેટવાનો સમય આપતું નથી, આવીને ઊભું જ રહી જ જાય અને હાથ પકડીને તમને લઇ જ જાય, ઘડી બે ઘડી પણ રોકાય નહીં. આવું મૃત્યુ તમારા દરવાજા પર નિરંતર ઊભું જ છે એવો ખ્યાલ રાખી જ જીવવાથી બાકી બધું સુલભ થઇ જાય છે **- વિમલા ઠાકર**
- આપણે ગફલતથી ઠોકર વાગતાં ગબડી પડીએ ત્યારે વાંક પથ્થરનો નહીં, આપણી ગફલતનો જ હોય છે, તે રીતે, લક્ષ્મીના દુર્વ્યયથી આપણું જીવન બગાડી નાખીએ તો વાંક લક્ષ્મીનો નહીં આપણી દુર્વૃત્તિનો છે **- કૃષ્ણશંકર શાસ્ત્રી**

## બોધકથા

આપણે ક્ષમા નથી આપી શકતા અને મનમાં વેર-ઝેર ભરી રાખીએ છીએ એટલે પરિવાર-પડોશમાં-કાર્યાલયમાં-દેશ અને વિશ્વમાં કટુતા-કંકાસ-રહે છે, મનનો ગુસ્સો ક્યાંક પણ, કોઇ પણ રીતે ઠાલવી દેવાથી મનનું ઝેર નીકળી જાય અને ક્ષમા આપી ભૂલી જવાની ક્ષણ સરળ બની જાય છે.

રાષ્ટ્રપતિ લિંકનના એક સેનાપતિ તેમના વિચાર અને વિદેશનીતી સાથે સંમત ન હતા. તેથી જાહેરમાં, પાર્ટીમાં લિંકન વિરૂધ્ધ બોલતા હતા.

એક સચિવ જે લિંકનના વિશ્વાસુ અને વફાદાર હતા તેમને આ સેનાપતિનું વર્તન ખૂંચતું હતું, અને દરરોજ એના વર્તન-વિચાર વિશે એક-બે નકારાત્મક વાત મીઠું-મરચું ભભરાવી લિંકનને ઉશ્કેરવા માટે કહેતા.

આખરે લિંકને એ સચિવને આદેશ કર્યો, એ સેનાપતિના વર્તન-વિચાર-ઉચ્ચારણો વિશે તમારી પાસે જે કંઇ પૂરાવા-તથ્યો હોય તેનો એક દસ્તાવેજ તૈયાર કરી મને આપો.'

સચિવે બધી જ આગ ઉલેચી રિપોર્ટ લિંકનને આપ્યો. લિંકને એમની કડક ભાષાના વખાણ પણ કર્યાં.. પછી પૂછ્યું હવે આનું શું કરશો?!

લિંકન કહે, 'કંઇ જ કરવું નથી આ તો તમારા મનનું બધું ઝેર કાઢવા માટેનો એક ઉપચાર જ કર્યો છે.'

# માનવી પાસે સમય હોય છે ત્યારે સમજણ હોતી નથી અને જયારે સમજણ આવે છે ત્યારે હાથમાંથી સમય સરી પડ્યો હોય છે

## હું રસ્તે રઝળતી વારતા


- અચના પટેલ

'સમયની સાથે ચાલો અને સફળતાના દ્વાર ખોલો' આ સૂત્ર ગાંઠે બાંધી લેવા જેવું છે. એકવીસમી સદીમાં સમગ્ર વિશ્વ એક ગામડું બની ગયું છે. વિશ્વના કોઇ પણ ખૂણામાં બનતી નાની સરખી ઘટના પણ ઘડીના છઠ્ઠા ભાગમાં આખા વિશ્વમાં ફેલાઇ જાય છે. એકવીસમી સદી વૈશ્વિકીકરણની સદી તરીકે ઓળખાય છે. માનવી સામાજિક પ્રાણી છે, પરંતુ ઝડપી યુગની ભાગમભાગ અને દોડાદોડમાં નજીક મિત્રો, સગાસંબંધીઓને મળવું મુશ્કેલ બનતું જાય છે. શું આજનો માનવી દિનપ્રતિદિન સામાજિક ઘટતો અને મટતો જાય છે? દરેક વ્યક્તિના મોઢે એક જ વાત સાંભળવા મળે છે - 'મારી પાસે ટાઇમ જ નથી' શું દરેક વ્યક્તિ પોતાના દૈનિક કાર્યમાં આટલી બધી વ્યસ્ત અને મસ્ત બની ગઇ છે? દીવા જેવી વાત છે કે વ્યક્તિઓ વ્યસ્ત નથી થયા પરંતુ તે વ્યક્તિ સમયનો સદ્‌પયોગ અને તેનું આયોજન કેવી રીતે કરે છે તેના ઉપર તેની સફળતાનો આધાર રહેલો છે.

પર્યાવરણનાં તમામ તત્ત્વો સમયના ચુસ્ત પાબંદી છે. કોઇ પણ પક્ષી કે પ્રાણી પાસે ઘડિયાળ નથી છતાં પ્રભાત થતાં જ પક્ષીઓ માળામાંથી ઊંડી ચણની શોધમાં નીકળી પડે છે. પ્રાણીઓ તેમની દૈનિક પ્રવૃત્તિઓમાં પરોવાઇ જાય છે. સૂર્યને ક્યારેક પણ હોલી-ડે કે સન્ડે હોતા નથી. વસંતઋતુની. પધરામણી થતાં જ વનમાં કેસૂડો ખીલી ઊઠે છે! વર્ષારાણીનું આગમન થતાં જ મોરલો નાચવા અને કોયલ ટહુકવા લાગે છે! કીડીને ક્યારેક આપણે આરામ કરતા જોઇએ છે? મખમાખીને મધપૂડામાં ઊંઘડી જોઇ છે? નિયમિતતા પર્યાવરણનો સ્વભાવ છે. પ્રકૃતિ સમયની સાથે આપણને તાલ મિલાવવાનું શીખવે છે. જે સમયને સાચવે છે, સમય તેને સાચવે છે. સમય ક્યારેક કોઇના માટે ખબર હોતો નથી.

ક્ષણમાં જીવે તે માનવી અને ક્ષણને જીવાડે તે કવિ.

કેટલાક લોકો કહેતા હોય છે. હું સમયમાં માનું છું, હું સત્યમાં માનું છું, હું ઇશ્વરમાં માનું છું, હું પ્રામાણિકતામાં માનું છું, પરંતુ નિયમિતતા, ઇશ્વર, સત્ય, પ્રામાણિકતા વગેરે માનવાના વિષયો નથી. બલ્કે માણવાના વિષયો છે. કામની અધિકતા નહીં પરંતુ પોતાના અનિયમિતતા જ માનવીને મારી નાખે છે.



એકવાર લોકમાન્ય તિલક એક સભામાં ભાષણ કરવાના હતા. તે સભામાં ભાષણ કરવાના હતા. તે સભામાં ગાંધીજી પણ હતા. નિશ્ચિત સમય કરતાં તિલક બે મિનિટ મોડા પડ્યા. ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, 'જો સ્વરાજ બે મિનિટ મોડું આવશે તે તેના માટે તમે જવાબદાર ગણાશો.'

કવિ પ્રેમાનંદ વિશે એક કિવદન્તી પ્રચલિત છે કે, તેઓ એક સાધુનાં ચમત્કારી આશીર્વાદથી કવિશક્તિ પ્રાપ્ત કરી શક્યા હતા. એમનાં ગામના મંદિરમાં એક રાત માટે ઉભરેલા આ સાધુએ પ્રેમાનંદને બીજા દિવસે સવારે પાંચ વાગે મળવા બોલાવ્યા હતા, પરંતુ પ્રેમાનંદ મોડા પડ્યા અને સમય થતાં સાધુ ચાલ્યાં ગયા. મોડા પહેલાં પ્રેમાનંદે એમની પાછળ જઇને માઇલ બે માઇલ દૂર એમને પકડી પાડ્યા. સાધુએ એમને આશીર્વાદ તો આપ્યા પરંતુ ટકોર કરી કે, 'જો તું સમયસર આવ્યો હોત તો હું તને સંસ્કૃતનો મહાકવિ બનાવત પણ તું મોડો પડ્યો માટે તને ગુજરાતી સાહિત્યનો મહાકવિ બનાવું છું.'

સમય માનવીને નિરામય, અભય, નિર્ભય, તેજોમય અને આનંદમય બનાવે છે. સમય અદૃષ્ટ છે, નીરવ છે. રાત્રિના અંધકારમાં કાન માંડીને સાંભળો તો પણ તેનો લગીરે અવાજ સંભળાતો નથી. કોઇ પણ બાયનોક્યુલથી તે નજરે પડતો નથી કે ભારેમાં ભારે લેન્સથી રેન્જમાં એ કેદ થતો નથી. સમય કદી મરતો નથી, હસતો કે રડતો નથી. સુખ કે દુઃખ સાથે કોઇ નિસ્બત નથી. એ તો તટસ્થ છે. રડવાનું કે હસવાનું સુખ કે દુઃખ મનુષ્ય સાથે જોડાયેલું છે. હા, દરેક દુઃખનુ ઔષધ સમય જરૂર છે. એટલા માટે તો કહેવાયું છે કે સમય અને ભરતી કોઇની રાહ જોતા નથી. શિક્ષણ પણ ક્ષણનું રક્ષણ કરવાનું શીખવે છે!

સાચી બાબત તો આપણા વર્ષોમાં જીવન ઉમેરવાની હોય છે, જીવનમાં વર્ષો નહીં વર્ષોમાં જળને સમુદ્ર સમું ખારું કે સરિતા સમુ મીઠું બનાવવું એ જીવનારા પોતાના હાથમાં હોય છે. માનવી પાસે સમય હોય છે ત્યારે સમજણ હોતી નથી અને જયારે સમજણ આવે છે ત્યારે હાથમાંથી સમય સરી પડ્યો હોય છે.

જીવનમાં સફળ થવા માટે સમય બચાવવો કે સમયનો સદુપયોગ કરવો એટલું જ પર્યાપ્ત નથી પરંતુ સમય આયોજન કરવું પડે, સમયનું આયોજન એક કળા છે. આજે સફળ થવા માટે અથાગ મહેનત સાથે સમયનું શિસ્તબધ્ધ આયોજન પણ અગત્યન્ બની ગયું છે.

ટાઇમ મેનેજમેન્ટનું પાયાનું મૂળભૂત તત્ત્વ તમે ઉપાડેલાં કાર્યના ચોક્કસ લક્ષ્ય ઉપર રહેલું છે. કોઇ પણ વ્યક્તિએ ઉપાડેલા કાર્યનું લક્ષ્ય, તેના હેતુ સ્પષ્ટ કરવો જરૂરી છે. ઘણી વખત આપણને જોવા મળે છે કે માણસો કાર્ય ખૂબ મહેનતથી કરતાં હોય છે, પરંતુ તેઓએ કયા શિખરે પહોંચવું છે એ જ નક્કી નથી હોતું. ધ્યેયવિહીન જીવનપથ પર ક્યારેક અટવાઇ જાય છે, ખોવાઇ જાય છે, અને જીવનદીપ બુઝાઇ જાય છે.

અમુક સમયે એક કરતાં વધુ કાર્યો હાથ પર હોય ત્યારે કયું કાર્ય સૌથી અગત્યનું છે એ નક્કી કરવાની ક્ષમતા હોવી જોઇએ. એકી સાથે બધાં કાર્યો એક સાથે ઉપાડવાથી ઘણી વખત એક પણ કાર્ય સિધ્ધ થઇ શકતું નથી.

સૌથી અગત્યનું કાર્ય નક્કી કર્યાં પછી શિસ્તબધ્ધ કાર્યનું આયોજન નક્કી કરવામાં આવે છે. આ રીતે કરવાથી કાર્યની સ્પષ્ટ વહેંચણી થઇ જાય છે અને દરેક તબક્કે માહિતી અને સાધનો સમય મુજબ સરળતાથી પ્રાપ્ત થાય છે. આ સુવ્યવસ્થા જો કોઇ પણ વ્યક્તિ કરે તો છેલ્લી ઘડીએ દોડાદોડી ન કરવી પડે અને આયોજનને કારણે સમયનો બચાવ થઇ શકે. આ બચેલા સમયનો ઉપયોગ પોતાનું કાર્ય વધુ સુંદર રીતે કરવામાં વાપરી શકાય.

કાર્યનું આયોજન કર્યા પછી દરેક દિવસ સપ્તાહ અને મહિનાનું આયોજન એક નોંધપોથીમાં નોંધી કાર્યવાહી બાદ નક્કી કરેલાં દૈનિક કાર્યોમાંથી કેટલા કાર્યો થયા અને કેવી રીતે, કેટલાં સમયમાં થયા તેના પર વિચાર કરવો. જેનાથી દિવસમાં આપણા કાર્ય કરવાની ક્ષમતા, કયા કાર્યમાં કઇ ઉણપ રહી છે, કયા કાર્યમાં વધુ સમય થયો, આ સમય શા માટે વધુ થયો એનું અવલોકન આપણે, આપણી કાર્યક્ષમતા, કાર્ય ગુણવત્તા અને કાર્ય અવધિમાં જરૂરી સુધારો કરી શકીએ. આ જ રીતે સપ્તાહ અને મહિનામાં કાર્યનું વિશ્લેષણ કરતા જવાથી આપમેળે કાર્યપધ્ધતિમાં સુધારો થઇ શકે અને સમયનું નિશ્ચિત આયોજન પણ આપમેળે થઇ જાય છે.

ટાઇમ મેનેજમેન્ટ એ હેતુ સુધી પહોંચવાની સતત પ્રક્રિયા છે. સમયનું વ્યવસ્થાપન એટલે કોઇ કાર્ય ઝડપથી કરવું નહીં, પરંતુ નિશ્ચિત સમય મર્યાદામાં વધુને વધુ લાભ મળે એ રીતે કરેલા કાર્યનું આયોજન. આ આયોજન જયાં સુધી હેતુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલતુ રહે છે. સતત એકસરખી શક્તિ સાથે કાર્ય કરવા માટે શરીરને આરામ પણ જોઇએ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મન પર પડતા પ્રભાવોનો દસ્તાવેજ એટલે 'ઉદ્‌ગાર ઉર્મિલના'

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સમકાલીન ચિંતન અંતર્ગત કવિ પોતાના અનુભવોને સંવેદનાત્મક પ્રતિકો દ્વારા વ્યક્ત કરે છે ત્યારે, તેમની જીવન દૃષ્ટિમાં સામાજિક, સાંસ્કૃતિક પરિપેક્ષની પૃષ્ઠભૂમિનાં દર્શન થાય છે. તેમાં સંવેદનશીલના સાથે સાથે માનવીય અસ્મિતાની વર્તમાન અને ઐતિહાસિક દૃષ્ટિના દર્શન થાય છે. કારણ કે કવિતા એ મન પર પડતા પ્રભાવોનો દસ્તાવેજ હોય છે. ભીતરમાં ઘુંટાતી સંવેદના શબ્દરૂપે બહાર આવે છે. ત્યારે ઉદ્‌ગાર બની અર્થનાં અજવાળાં પ્રગટાવે છે. એવો 'ઉદ્‌ગાર ઉર્મિલના' કાવ્ય સંગ્રહમાં ઉદ્‌ગારના ઓજસ શબ્દે શબ્દને અજવાળી રહ્યા છે.

હાં, આજે હું તમને વાત કરી રહ્યો છું આપણા ગાંધીનગરના જ કવિ, ભરત કવિ ઉર્મિલ અને તેમના કાવ્ય સંગ્રહ 'ઉદ્‌ગાર ઉર્મિલના' વિશે જેમાં શૌર્ય, આશાવાદ, ભક્તિભાવ અને માનવીય મુલ્યોની નમણી નજાકત સાથે વૈચારિકતા અને મુલ્યોના ઉંડાણને કવિએ કાવ્યશૈલીમાં અદ્‌ભુત રીતે આલેખ્યા છે.

આજે દેશપ્રેમ, રાષ્ટ્રીયભાવના, ફરજ અને માનવતાનાં મુલ્યો જોખમાયા છે ત્યારે કવિએ આવા વિરલાઓને યાદ કરીને શ્રધ્ધાંજલિ કાવ્યો આપ્યાં છે. જેમાં ઈન્દિરા ગાંધી, જયપ્રકાશજી, રવિશંકર મહારાજ, નહેરૂજી, બાબા સાહબ, યાદગાર મુખ્યમંત્રીઓ, સ્વર સમ્રાટ રફી સાહેબ, લાલબહાદુર શાસ્ત્રી વગેરેને બિરદાવ્યા છે. તો વળી, નગર કાવ્યોમાં ગાંધીનગરને કેન્દ્રમાં રાખીને ભાવનાત્મક અને વાસ્તવિકતાનું નિરૂપણ કર્યું છે. કોમી એકતા, ધર્માંધતા અને સમાજને પણ કવિ કવિતામાં મુકવાનું ચૂક્યા નથી. આજે જ્યારે માનવીય મુલ્યો ઝોખમાયા છે ત્યારે માત્ર કલ્પનાઓમાં રાચવાનું કવિને પસંદ નથી. કવિ શ્રધ્ધાવાન અને ભક્તિભાવથી સભર છે. દયા અને કરૂણા પણ તેમની કલમમાંથી શુભ સંદેશ રૂપે પ્રગટ થાય છે. જે હાલના મુડીવાદી વર્ચસ્વ સામે લાલબત્તી સમાન છે. જો કે સઘળી રચનાઓ જોતાં એક સારા માણસ બની રહેવાની ભરત કવિ તેમની કવિતા ઉપરાંત રકતદાન ક્ષેત્રે સીધી નોંધાવી ચૂકેલા સેવાભાવી વ્યકિત પણ છે તેથી ડ આ મુકતકમાં તેમને અભિલાષા વ્યકત કરી છે કે,




**નથી હસરત મને**
**દિલમાં કોઈ મહાન બનવાની,**
**ચાહી સુખ-સંપતિ કેવળ**
**મહા ધનવાન બનવાની,**
**બની સદભાગી હું સૌનો,**
**ખુશી ગમ થોડા વહેંચીને,**
**ઉરે અભિલાષ છે એક જ**
**ફકત ઈન્સાન બનવાની,**

આવા કવિને જો કોઈ અભરખો હોય તો એટલો જ છે કે,

**જોઈને હસ્તની રેખા**
**કદાપી ના પડી જાશું,**
**હૃદયમાં રાખીને**
**શ્રધ્ધાં, હિમાળો પણ**
**ચડી જાશું,**
**ભલે હો પંથમાં**
**કંટક, લગીરના હામ**
**હારીશું,**
**અભરખો એ જ**
**છે અંતર, અને આખો**
**ચડી જાશું,**

ભરત કવિની આ કવિતાનો રસાસ્વાદ કરવા માટે તેમનો કાવ્યસંગ્રહ 'ઉદ્‌ગાર ઉર્મિલ'ના મેળવીને માણવો પડે. જો કે ગઝલ સંગ્રહ 'અરમાન' પછી આ તેમનો બીજો કાવ્ય સંગ્રહ છે. તેમાં ગઝલ ઉપરાંત ગીત, મુકતક, હાઈકુ વિગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

'ઉદ્‌ગાર ઉર્મિલના' કાવ્યસંગ્રહના કવિ ભરત કુમાર અભયસિંહનો જન્મ ૨૭ જાન્યુઆરી, ૧૯૪૭માં સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના ચાડધરા ગામે થયો હતો. બી.કૉમ અને હિન્દી વિનિમય સુધીનો અભ્યાસ કરનાર આ સર્જકે દેના બેંકમાં ૩૧ વર્ષ સેવાઓ બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ હાલમાં 'પાટનગર પ્રકાશ'નામે સાપ્તાહિક ચલાવે છે. તેઓ એક સારા અભિનેતા પણ છે. ગાંધીનગરની જાણીતી કલા સાહિત્ય અને સેવા સંસ્થાઓમાં અગ્રેસર રહી સક્રિય સેવા કરતા રહ્યા છે. તેમના આ કાવ્યસંગ્રહને આવકારૂં છું.

**'ઉદ્‌ગાર ઉર્મિલના'**
**(કાવ્યસંગ્રહ)**
**કવિ : ભરત કવિ 'ઉર્મિલ'**
**સંપર્ક : મો. ૯૪૨૬૪૧૫૭૨૭**
**પ્રકાશન- નવભારત સાહિત્ય મંદિર, ગાંધીરોડ, અમદાવાદ**
**પૃષ્ઠ- ૧૦૪, કિંમત. રૂા. ૧૦૦/**

વિભાવના કેન્દ્રમાં હોઈ કવિ વધુ પડતા શૃંગાર, અલંકાર કે શાબ્દિક શણગારથી થોડા દૂર રહ્યા છે તેમ ફિલીપ કલાર્ક તેમની પ્રસ્તાવનામાં ખાસ નોંધ્યું છે. છતાં ઉંડામાં ઉંડા વિચારને સરળતાથી રજૂ કરી અનેક રચનાઓમાં છતું થતું કવિ કૌશલ્ય નજરે ચડ્યા વિના રહેતું નથી. કવિ પ્રવૃતિ પ્રેમી છે. હરિયાળી ઉભરતાં ડુંગર કે કણસતા દરીયાનો અવાજ, પ્રીતિ છલકાવતો પહેલો વરસાદ તેથી તેમની કવિતામાં અલૌકિક રીતે ઉતરી આવ્યા છે.

ભીતરની ભાવ - ભરતીનો, ઉરની ઉર્મિઓનો તાગ તપાસી સ્વાભાવિકતાથી, ઉત્કટતાથી ઉર્મિલના ઉદ્‌ગારને આવકાર આપતાં વરિષ્ઠ લોક સાહિત્યકાર દોલતભટ્ટ કહે છે કે, કવિ આ જગતને અલગ દૃષ્ટિથી નિરખે છે. પરખે છે. તેથી જ તેમની રચનાઓ નિરૂપાઈને નીતરે છે. કવિએ કલમને પૂર્ણ સૌદર્યમાં વિલસાવી દીધી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા


- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૭મી સપ્ટેમ્બર

- આયુર્વેદાચાર્ય, કેળવણીકાર સેવામૂર્તિ શ્રી બાપાલાલ વૈદ્યનો જન્મ પંચમહાલ જિલ્લાના રણસોલી જેવા નાનકડાં ગામમાં થયો.

વ્યાપાર પ્રવૃત્તિ સ્વાતંત્ર્ય સંગ્રામ, ઔષધાલય પ્રવૃત્તિ, પુસ્તકાલય પ્રવૃત્તિ સામયિકોમાં આને પુસ્તકોમાં આયુર્વેદ વિષેના લેખોના લેખક આમ વિવિધ ક્ષેત્રમાં પ્રતિભાશાળી બાપાલાલ વૈદ્યે આયુર્વેદ ચિકિત્સાના ક્ષેત્રમાં પોતાનું નામ અંક્તિ કર્યું.

- ૧૭૮૭ માં અમેરિકાનું રાજ્ય બંધારણ અમલમાં મૂક્યું. જે આજે પણ ચાલું છે.



- ૧૮૨૨ - બ્રાઝિલ દેશનો સ્વાતંત્ર્ય દિન
- ૧૯૩૪ - મહાત્મા



ગાંધીએ 'લોક શાસનવાદ' વિષે સ્પષ્ટ - વિસ્તૃત વ્યાખ્યા આપી.

- ૧૫૫૯ - કંડલા થર્મલ પાવર સ્ટેશન શરૂ થયું.

# અચાનક શિલ્પાબેનની નજર મુખ્ય ગેઈટ બહાર રસ્તા ઉપરથી પસાર થતી એક સફેદ જેવી સાડી પહેરેલી સ્ત્રી ઉપર પડી, શિલ્પાબેનના ધબકારા વધી ગયા, ગભરાટ વધી ગયો, પરસેવો વળવા લાગ્યો કેમ કે, તે સ્ત્રી બિલકુલ નર્સ મોનીકા જેવી જ હતી

## નર્સ...એક પ્રેતકથા

### (ભાગ-૨)

### અતૃપ્ત આત્મા તૃપ્તિ માટે તડપતો હતો અને અચાનક...

- હર્ષદરાય ઉપાધ્યાય

**(ગતાંકમાં... ધનાઢ્ય ઘરની સ્ત્રી શિલ્પા દવાખાને આવે છે ડિલીવરી થાય છે. અને પુત્ર અવતરે છે. ઘરે બાળક અને મા માટે નર્સ મોનીકા આવે છે. રૂપાળી પ્રમાળ નર્સ બે માસ બાદ હવે નથી આવવાની તે વાતે સૌ ઉદાસ હોય છે. રૂટીન ચેકઅપ માટે દવાખાને ગયા ત્યાં ખબર પડી કે નર્સ મોનીકાનું એક વર્ષ પહેલાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ભારે ગભરાટનો માહોલ સર્જાય છે, હવે આગળ વાંચો...)**

દવાખાનાથી સૌ બંગલે પાછા ફર્યા. હજુ નર્સના મૃત્યુની વાત અને બે મહિના ઘરમાં હળભળી રહેતી મોનીકાની વાતમાં શું સમજવું તે પરિવાર સમજી શકતો ન હતો. સૌના મનમાં ડર હતો, ભય હતો હૃદયના ધબકારા સૌના અનિયંત્રિત હતા. એક સન્નાટા જેવું હતું.

બંગલાના ગેઇટમાંથી કાર અંદર દાખલ થઇ. ઘરના નોકરો ખૂશ હતા. હજુ તેમને વાતની જાણ ન હતી. બેઠકરૂમમાં ફફડતા હૈયે શિલ્પાબેન આવ્યા. બંગલામાં ગભરાતાં ગભરાતાં બધે જોઈ રહ્યા હતાં. નોકરોને પણ કાંઇક ચિંતા જેવું જણાયું. પણ શેઠ આગળ પૂછાય કેવી રીતે?

રાત્રે પરવારીને શિલ્પાબેન - સૂરજભાઈ અને પુત્ર રાહુલ બેડરૂમમાં ચાલ્યા ગયા. બધી બારીઓ અરે પડદા સુધ્ધાં ચસોચસ બંધ કરાવી દેવાયા. ડર હતો કે ક્યાંક જરૂર મોનીકા આવશે. અને મોનીકા દેખાઈ તો? આ વિચારથી પતિ-પત્નિ ધ્રુજી ઉઠતાં હતાં. સમય તેનું કામ કરે છે. રાત જામતી ગઈ. આંખો ઘેરાવા લાગી અને સૌ ઊંઘી ગયા.

તાજગી ભર્યો તડકો લઈ સૂર્યદેવ હાજર થયા. સૌ જાગ્યા અને કાંઈ અજુકતું નથી બન્યું તેથી સૌને હાશ થયા.

ડાઈનીંગ ટેબલે સૌ બ્રેકફાસ્ટ માટે ભેગા થયા પણ ત્યાં ઘરમાં બે-ત્રણ નોકરો વીલે મોઢે આવી શેઠ આગળ કાંઈક વાત કરવા માંગતા હોય તેમ ઉભા રહ્યા. સૂરજભાઈએ જ્યારે કારણ પૂછ્યું ત્યારે નોકરો બોલ્યા કે, " મોનીકાના ભૂતની વાત જાણી તેઓ ડરી ગયા છે અને કામ છોડી ચાલ્યા જવું છે." સૂરજભાઇ હસી પડ્યા અને તેમણે સમજાવ્યું કે ગભરાવવા જેવું નથી. હા, મોનીકાની બે મહિનાની હાજરી ભય પ્રેરક છે પણ તેનો કદાચ અતૃપ્ત આત્મા હશે અને તે તૃપ્ત થતાં હંમેશ માટે ચાલ્યો ગયો છે. નોકરોને વાત ગળે ઉતરી ખરી અને ન પણ ઉતરી. પરંતુ મુંબઈ જેવા શહેરમાં બીજે જવું પણ ક્યાં? તે ચિંતાનો પ્રશ્ન પણ હતો. છેવટે જ્યાં સુધી કશું બને નહીં ત્યાં સુધી ન જવાનું સૌએ મન મનાવ્યું.

કહે છે કે સમય રૂપી મલમ ગમે તેવા ઘા ને રૂજવી દે છે. અહીં આવું જ થયું. સમય જવા લાગ્યો. એક દુઃસ્વપ્ન સમજી ધીરે ધીરે સૌ મોનીકાની વાતને ભૂલવા લાગ્યા. હળવાશ વર્તાવા લાગી શિલ્પાબેન પણ પુત્રની દેખરેખમાં વ્યસ્ત બનવા લાગ્યાં. આમને આમ બીજા બે મહિના પસાર થઈ ગયા.

એક સુંદર સાંજે શિલ્પાબેન ઝરૂખામાં બેસી મોબાઈલ ઉપર તેમની મિત્ર સાથે ગપાટાં મારી રહ્યાં હતાં. પુત્ર રાહુલ ઊંઘી ગયો હતો. હળવે હળવે હિંચતો ચાલતો હતો.

અચાનક શિલ્પાબેનની નજર મુખ્ય ગેઈટ બહાર રસ્તા ઉપરથી પસાર થતી એક સફેદ જેવી સાડી પહેરેલી સ્ત્રી ઉપર પડી. શિલ્પાબેનના ધબકારા વધી ગયા. ગભરાટ વધી ગયો. પરસેવો વળવા લાગ્યો કેમ કે, તે સ્ત્રી બિલકુલ નર્સ મોનીકા જેવી જ હતી. અરે, જેવી શું? મોનીકા જ હતી. તે સ્ત્રીની માંજરી-ભૂરી આંખો ઘડીભર ઝરૂખામાં ગઈ. એક માર્મિક હાસ્ય તેના ચહેરે આવ્યું અને શિલ્પાબેન વધુ વિચારે તે પહેલાં ભીડભાડમાં તે સ્ત્રી ગાયબ થઈ ગઈ.

શિલ્પાબેન રડી પડ્યાં, ગભરાટના માર્યા સુકાયેલ કંઠમાંથી તીણી ચીસ નીકળી, હિંચકા ઉપર તે ધ્રુજી ઉઠ્યાં, નોકર દોડી આવ્યો. શેઠને ફોન કર્યો. શિલ્પાબેનને પાણી પિવડાવ્યું. ધ્રુજારી અને આંખોમાં ભય તેમના ચહેરાનો ફિક્કો રંગ વધુ ડરામણો લાગતાં હતાં.

શેઠનો ફોન આવ્યો અને આ કદાચ વહેમ અથવા હમશક્લ હોઈ શકે તેમ તેમણે સમજાવ્યું. આટલા દિવસ કેમ નહીંને હવે તે નર્સ દેખાઈ? મુંબઈ શહેરમાં ઘણાના ચહેરા સરખા જેવા લાગતા હોય છે. વગેરે વગેરે વાતોથી શિલ્પાબેનનું મન શાંત થયું. કદાચ એમ જ હશે.

રાત્રે થોડી ચર્ચા થઈ ન થઈ ને ટીવીના કાર્યક્રમમાં સૌ મસ્ત બની ગયા. સમય ચાલવા લાગ્યો. વાતો વિસરાવા લાગી. રવિવારનો સમય હતો. સાંજે ઠંડા વાતાવરણમાં બંગલાની લોનમાં પતિ-પત્નિ નિરાંતે આઈસ્ક્રીમની મઝા માણતા હતા. રાહુલને બે નોકરો રમાડી રહ્યા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)